# ડબ્લ્યુએસીઇ ભાષા અરજી (WACE Language Applications) માટે વિદ્યાર્થી ની તપાસ સૂચિ

*WACE Language કોર્સમાં દાખલો મેળવવાની પરવાનગી માટે અરજી (ભાષા અરજી)* કરવાનું શરૂ કરતાં પહેલાં બધું તૈયાર કરવા માટે આ તપાસ સૂચિનો ઉપયોગ કરો. જો તમને કોઇ પ્રશ્નો હોય તો, તમારા માતાપિતા અથવા વાલી/ઓ, તમારા ભાષા શિક્ષક કે શાળા પ્રબંધકને પુછો, અથવા તમે શાળા અભ્યાસક્રમ અને માનદંડ સત્તાધિકરી (સત્તાધિકારી)ને languagesenrolment@scsa.wa.edu.au પર ઈમેલ કરી શકો છો. એક વ્યાપક વિદ્યાર્થી માર્ગદર્શિકા WACE Language applicationsનાં વેબપેજ (https://www.scsa.wa.edu.au/sirs-and-srms-info/srms-information/wace-language-applications) પરથી મેળવી શકાય છે.

## 1 સ્ટુડન્ટ પોર્ટલમાં લોગિન કરવું

સ્ટુડન્ટ પોર્ટલમાં (https://studentportal.scsa.wa.edu.au) લોગઇન કરવા માટે, તમને તમારા **ડબ્લ્યુએ સ્ટુડન્ટ નંબર**ની જરૂર પડશે, જે તમે તમારા શાળા અહેવાલ/અહેવાલો પર જોઇ શકો છો. તે તમારા SmartRider પર પણ હોય શકે છે. તમારે **એક અંગત ઈમેલ એડ્રેસની** પણ જરૂર પડશે અને જ્યારે તમે તમારી ભાષા અરજી ભરો *ત્યારે તમે તે ઈમેલ એડ્રેસ પણ ખોલી શકવા જોઇએ.* અંગત ઈમેલ એડ્રેસ હોય તો તમે શાળા છોડો પછી અને તમારું શાળાનું ઈમેલ એડ્રેસ નિષ્ક્રિય થઇ જાય પછી પણ તમે ઈમેલો મેળવી શકશો.

## 2 શૈક્ષણિક માહિતી

તમારે નીચે મુજબની શૈક્ષણિક માહિતી આપવાની રહેશે:

- ❑ પૂર્વ-પ્રાથમિક શાળાથી શરૂ કરીને તમે જેટલી શાળાઓમાં હાજરી આપી હોય તે બધી શાળાઓની માહિતી:
  - શાળાનું નામ
  - તે શાળામાં જે ભાષામાં શિક્ષણ અપાતું હોય તે મુખ્ય ભાષા
  - ભણ્યા હોવ તે ભાષા/ભાષાઓ (જો લાગુ પડતું હોય તો)
  - દર અઠવાડિયે ભાષા શિક્ષણનાં કલાકો (જો લાગુ પડતું હોય તો)
- ❑ જે વર્ષો તમે ઓસ્ટ્રેલિયાની બહાર શાળા/શાળાઓમાં હાજરી આપી હોય તે શાળા અહેવાલ/અહેવાલો (જો લાગુ પડતું હોય તો)

## 3 રહેઠાણની માહિતી

તમારે નીચે મુજબની રહેઠાણની માહિતી આપવાની રહેશે:

- ❑ તમે રહ્યા હોય તે દેશો
- ❑ તમે મુલાકાત લીધી હોય/મુસાફરી કરી હોય/રજાઓ ગાળી હોય તે દેશો, મુલાકાતનાં કારણો અને જે તે દેશની મુલાકાતની અવધિ. આમાં, તમે જે ભાષા માટે અરજી કરી રહ્યા છો તે જ ભાષા બોલાતી હોય ફક્ત તેવા દેશોનો સમાવેશ થાય છે

## 4 ભાષાકીય પૃષ્ઠભૂમિ

તમારે નીચે મુજબની ભાષાકીય માહિતી આપવાની રહેશે:

- ❑ તમે બોલતાં શીખ્યા હોય તેવી પહેલી ભાષા/ભાષાઓ
- ❑ તમે બોલતાં, વાંચતાં અને લખતાં હોય તેવી અન્ય ભાષા/ભાષાઓ

- ❑ તમે તમારા માતાપિતા અથવા વાલીઓ અને ભાઇ-બહેનો તથા મિત્રો સાથે બોલતાં હોવ તે ભાષા/ભાષાઓ
- ❑ તમારા માતાપિતા અથવા વાલીઓ બોલતાં હોય તે ભાષા/ભાષાઓ

## 5 સહાયક દસ્તાવેજો

તમારી અરજીમાં અપલોડ કરવા માટે તમારે નીચેનાં દસ્તાવેજોનાં ફોટા જોઇશે અથવા તે સ્કેન કરવા પડશે:

- ❑ *માતાપિતા/વાલીનું કબૂલાતનામું* સંપૂર્ણ ભરેલું - ફરજ્યાત
- ❑ પાસપોર્ટનું ઓળખ પૃષ્ઠ - જો તમારો જન્મ બીજા દેશમાં થયો હોય અથવા તમે ઓસ્ટ્રેલિયાની બહાર રહ્યા હોવ
- ❑ શાળા અહેવાલ/અહેવાલો - જો તમે ઓસ્ટ્રેલિયાની બહાર શાળા/શાળાઓમાં હાજરી આપી હોય
- ❑ આંતરરાષ્ટ્રીય અવરજવર નોંધ/નોંધો - તમે જે ભાષા માટે અરજી કરી રહ્યા છો તે બોલાતી હોય તેવા દેશો અથવા સ્થળોમાં તમે રહ્યાં હોવ અથવા ત્યાં વારંવાર ગયા હોવ તો (અને જો સત્તાધિકારી માંગે તો)

સહાયક દસ્તાવેજો તમારા કોમ્પ્યુટર અથવા મોબોઇલ ઉપકરણ પર સેવ કરો **.pdf**, **.jpg**, **.jpeg** or **.png** ફાઇલો તરીકે, **દરેક ફાઇલ માટે વધુમાં વધુ સાઇઝ ૪એમબી હોય તે રીતે**. વર્ડમાં હોય તેવું દસ્તાવેજ સ્વીકારવામાં આવશે **નહીં**, અને જ્યારે ફાઇલોને નામ આપો ત્યારે તેમાં જગ્યા છોડવી નહીં કે અજાણ ચિહ્નો અથવા < > ? ! / \ " * : , # % $ ( ) { } + = @ જેવી સંજ્ઞાઓનો ઉપયોગ કરવો નહીં.